**<u>કારણદર્શક નોટીસ</u>**

જા.નં./મા-૭/કોવિડ-૧૯/ ૩૫૧૮-૫૦૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, જિ-સુરત.
તા-૦૭/૦૧/૨૦૨૨.

પ્રતિ,
આચાર્યશ્રી,
યાદી મુજબની શાળા, જિ-સુરત.

**વિષય:-** સુરક્ષા કવચ સમિતિ અંતર્ગત પોર્ટલમાં ઓનલાઇન ડેટા નિયમિત ન ભરેલ શાળાને બંધ કરવા બાબત.

**સંદર્ભ:-** (૧) અત્રેની કચેરીનાં જા.નં./મા-૭/કોવીડ-૧૯/૧૬૯૭૬, તા-૧૮/૧૨/૨૧નાં પત્ર.
(૨) અત્રેની કચેરીનાં જા.નં/મા-૭/કોવીડ-૧૯/૧૭૭૨૨, તા-૩૧/૧૨/૨૧ના પત્ર.
(૩) કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાનાં પત્ર ક્રમાંક:નં.જિએડી/ઈએસટી/૫૬૮૬, તા-૨૮/૧૨/૨૧ના પત્ર અન્વયે.
(૪) કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાની તા-૦૪/૦૧/૨૨ મીટીંગની સૂચના મુજબ.
(૫) ડેપ્યુટી.મ્યુનિ.કમિશનરની તા-૦૬/૦૧/૨૨ની ટેલીફોનીક સુચના મુજબ.

ઉપરોકત વિષય અને સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનાં સંયુકત ઉપક્રમે આચાર્યશ્રીઓની મીટીંગ રાખવામાં આવેલ. તમામ શાળાઓને ફરજિયાતપણે સુરક્ષા કવચ સમિતિ અંતર્ગત ઓનલાઈન ડેટા ભરવાની સૂચના તેમજ સમજ આપવામાં આવેલ. અત્રેની કચેરીનાં સંદર્ભપત્ર (૧) અને (૨)થી પણ નિયમિત માહિતી અપલોડ કરવા જણાવવામાં આવેલ છે. હવે પછી શાળા દ્વારા માહિતી ભરવામાં નહિ આવે અને કોવીડ-૧૯નુ પાલન કરવામાં નહિ આવે તો શાળાનાં આચાર્ય વિરુદ્ધ એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાત સરકારશ્રી દ્વારા વારંવાર બહાર પાડવામાં આવેલ S.O.P અને ગાઈડલાઈન અનુસાર કોવીડ એપ્રોપીએટ બિહેવિયરનું પાલન કરવું આવશ્યક છે.

હાલનાં સંજોગોમાં એમીક્રોન વાયરસ તથા કોરોનાને ફેલાવો સમગ્ર વિશ્વ, દેશ, રાજ્ય તથા સુરત શહેરમાં પણ વધી રહ્યો તેવા સંજોગોમાં વધુ કાળજી રાખવી તથા કોવીડ ગાઈડલાઈન અનુસાર કોવીડ એપ્રોપીએટ બિહેવિયરનું પાલન કરવું અનિવાર્ય છે.

તેમ છતાં આપની શાળા દ્વારા આ બાબતે ગંભીર બેદરકારી રાખી કોવીડ એપ્રોપીએટ બિહેવિયરનું પાલન ન કરવા બદલ એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ આપની શાળાને <u>૦૨દિવસ</u> માટે બંધ કરવા જણાવવામાં આવે છે.

નોંધ :- ધો ૨ થી ૪ પ્રાથમિક વિભાગ બંધ કરવું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત.

<u>બીડાણ:-</u> શાળાઓની યાદી

<u>નકલ રવાના જાણ સારું:</u>

- કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, જિ-સુરત.

| ક્રમ | શાળાનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | યોગી પ્રવૃત્તિ પ્રાથમિક શાળા | આંબાતલાવડી, તા-કતારગામ, જિ-સુરત. |
| ૨ | માતૃભુમી વિધાલય પ્રાથમિક શાળા | ડભોલી ચાર રસ્તા, તા-કતારગામ, જિ-સુરત. |
| ૩ | પ્રજ્ઞા પ્રાથમિક શાળા | ડભોલી રોડ, તા-કતારગામ, જિ-સુરત. |
| ૪ | એસ.એન.પબ્લિક સ્કુલ પ્રાથમિક શાળા | ભક્તિનગર-૩, બમરોલી રોડ, જિ-સુરત. |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.